# પત્રક ભાગ–૨

# પંદરમી ગુજરાત વિધાનસભા

## શુક્રવાર, તા.૦૮/૦૮/૨૦૨૫

## ૨૧૫. પંદરમી ગુજરાત વિધાનસભાના સાતમા સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો પૂછવા માટેના દિવસોનો કાર્યક્રમ

પંદરમી ગુજરાત વિધાનસભાના સાતમા સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો પૂછવા માટેના દિવસોનો કાર્યક્રમ સોમવાર, તા.૦૮, સપ્ટેમ્બર–૨૦૨૫ થી બુધવાર, તા.૧૦, સપ્ટેમ્બર–૨૦૨૫ સુધીનો માનનીય અધ્યક્ષશ્રીએ આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબનો ઠરાવ્યો છે.

માનનીય મંત્રીશ્રીના નામ સામે આસન–૨માં જે તારીખ દર્શાવી છે તે તારીખે સંબંધકર્તા મંત્રીશ્રી ગૃહમાં પ્રશ્નોના જવાબ આપશે. આ માટેના પ્રશ્નોની સૂચના વહેલામાં વહેલી કઇ તારીખે અને મોડામાં મોડી કઇ તારીખે આ સચિવાલયને મળવી જોઇએ તે તારીખ અનુક્રમે આસન–૩ અને આસન–૪ માં દર્શાવી છે.

જે મંત્રીશ્રીને સંબોધીને પ્રશ્ન પૂછવાનો હોય તેમનો સત્તાવાર હોદ્દો અને જવાબ મેળવવાની ચોકકસ તારીખ જે સૂચનામાં દર્શાવવામાં નહીં આવી હોય તેવી સૂચના વિચારણામાં લેવાનું શકય બનશે નહીં.

વધુમાં ઠરાવેલ દિવસના પ્રશ્નો સંબંધમાં સભ્યોનો અગ્રતાક્રમ નકકી કરવા માટેનું બેલેટ અગાઉના અઠવાડિયાના તે જ દિવસે બપોરના ૨–૦૦ કલાકે પ્રશ્ન શાખાનું કામ સંભાળતા **નાયબ સચિવશ્રી મેરામણ કરંગીયા**ની ચેમ્બરમાં યોજવામાં આવશે. જો તે દિવસ રજાનો હશે તો બેલેટ તેના અગાઉના કામકાજના દિવસે યોજવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રીની સૂચના અનુસાર **NeVA**(નેવા)માં ઓનલાઈન માધ્યમથી પણ તારાંકિત પ્રશ્નોની સૂચના સ્વીકારવામાં આવશે.

માનનીય સભ્યશ્રીઓ પ્રશ્નોની સૂચના મોકલતી વખતે આ બાબતો અંગે કાળજી રાખશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડયા**
**ઈન્ચાર્જ સચિવ**
**ગુજરાત વિધાનસભા**

**પ રિ શિ ષ્ટ**

| લાગતા વળગતા મંત્રીશ્રી અને તેમના ખાતા | પ્રશ્નોના મૌખિક જવાબ આપવા માટે ઠરાવેલ દિવસ | પ્રશ્નોની સૂચના મળવાનો પહેલો દિવસ | પ્રશ્નોની સૂચના મળવાનો છેલ્લો દિવસ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| **જૂથ–૧ (પ્રશ્ન શાખા–૧)** | | | |
| **૧. શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ,** માનનીય મુખ્યમંત્રીશ્રી: (સામાન્ય વહીવટ, વહીવટી સુધારણા, તાલીમ અને આયોજન, ગૃહ અને પોલીસ હાઉસીંગ, મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ, પંચાયત, માર્ગ અને મકાન અને પાટનગર યોજના, ખાણ અને ખનિજ, યાત્રાધામ વિકાસ , નર્મદા અને કલ્પસર, બંદરો, માહિતી અને પ્રસારણ, નશાબંધી અને આબકારી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી, તમામ નીતિ વિષયક બાબતો અને અન્ય કોઈ મંત્રીશ્રીઓને ન ફાળવેલ વિષયો)<br><br>**૨. શ્રી હર્ષ સંઘવી:** (રાજ્યકક્ષા)(સ્વતંત્ર હવાલો) (રમત ગમત અને યુવક સેવા, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ, વાહન વ્યવહાર, ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ, જેલ, સરહદી સુરક્ષા) | **સોમવાર, તા. ૦૮/૦૯/૨૦૨૫** | **--** | ***સોમવાર, તા.૧૮/૦૮/૨૦૨૫** |

| લાગતા વળગતા મંત્રીશ્રી અને તેમના ખાતા | પ્રશ્નોના મૌખિક જવાબ આપવા માટે ઠરાવેલ દિવસ | પ્રશ્નોની સૂચના મળવાનો પહેલો દિવસ | પ્રશ્નોની સૂચના મળવાનો છેલ્લો દિવસ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| **જૂથ– ૨ (પ્રશ્ન શાખા– ૨ અને પ્રશ્ન શાખા– ૫ )** | | | |
| **૧. શ્રી કનુભાઈ દેસાઈ,**<br>(નાણાં, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ)<br><br>**૨. શ્રી બલવંતસિંહ રાજપુત:**<br>(ઉદ્યોગ, લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર)<br><br>**૩. શ્રી કુંવરજીભાઈ બાવળીયા:**<br>(જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો )<br><br>**૪. શ્રીમતી ભાનુબેન બાબરીયા**:<br>(સામાજિક ન્યાય અને અધિકારીતા, મહિલા અને બાળ કલ્યાણ)<br><br>**૫. શ્રી જગદીશ વિશ્વકર્મા,**<br>(રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો):<br>(સહકાર, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખનસામગ્રી, પ્રોટોકોલ) | **મંગળવાર,**<br>**તા. ૦૯/૦૯/૨૦૨૫** | **––** | ***મંગળવાર,**<br>**તા.૧૯/૦૮/૨૦૨૫** |

| લાગતા વળગતા મંત્રીશ્રી અને તેમના ખાતા | પ્રશ્નોના મૌખિક જવાબ આપવા માટે ઠરાવેલ દિવસ | પ્રશ્નોની સૂચના મળવાનો પહેલો દિવસ | પ્રશ્નોની સૂચના મળવાનો છેલ્લો દિવસ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| **જૂથ–૩ (પ્રશ્ન શાખા–૩ અને પ્રશ્ન શાખા–૪)** | | | |
| **૧. શ્રી ઋષિકેશ પટેલ:**<br>(આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો)<br>**૨. શ્રી રાઘવજીભાઈ પટેલ:**<br>(કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ)<br>**૩. શ્રી મુળુભાઈ બેરા:**<br>(પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ)<br>**૪. શ્રી કુબેરભાઈ ડીંડોર:**<br>(આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ) | **બુધવાર,<br>તા. ૧૦/૦૯/૨૦૨૫** | -- | ***બુધવાર,<br>તા.૨૦/૦૮/૨૦૨૫** |

***** પંદરમી ગુજરાત વિધાનસભાનું સાતમું સત્ર ટૂંકી મુદતથી બોલાવવામાં આવ્યું હોવાથી જૂથ–૧, ૨ અને ૩ માટે તારાંકિત પ્રશ્નોની સૂચનાઓ મોડામાં મોડી કઇ તારીખ સુધીમાં આ સચિવાલયને પહોંચતી કરી શકાય તે માટેની મુદતમાં માનનીય અધ્યક્ષશ્રીએ છૂટછાટ મૂકીને જૂથ–૧, ૨ અને ૩ માટે અનુક્રમે **તા.૧૮, ૧૯ અને ૨૦ ઓગસ્ટ ૨૦૨૫** નક્કી કરેલ છે.

******************************